બારડોલી નગર નજીક 3 દીપડા ફરે છે

વાછરડા અને કૂતરાઓનો શિકાર થતાં વનવિભાગે પાંજરું ગોઠવ્યું



આ પાવર હાઉસમાં દીપડા હોવાની શંકા



બારડોલી : સુરત જિલ્લાના બારડોલી શહેરમાં ત્રણ દીપડાઓ દેખાતા સ્થાનિક લોકોમાં ભારે દહેશતનો માહોલ છવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બારડોલીના કાન ફળિયામાં રહેતા વિજયભાઈ મણીભાઈ પટેલનું શાકભાજીનું ખેતર પાવર હાઉસની પાણીની ટાંકી પાસે આવેલું છે. આ ખેતરમાં તેમણે કમ્પાઉન્ડ બનાવીને એક ગાય અને ૨૦ દિવસનું વાછરડું રાખ્યું હતું. ગત રોજ અચાનક એક દીપડાએ ખેતરમાં ત્રાટકીને આ વાછરડાનો શિકાર કર્યો હતો.

આ ઘટના અંગે વિજયભાઈએ તાત્કાલિક સામાજિક વનીકરણ રેન્જના આર.એફ.ઓ. ભાવેશભાઈ અને 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડને જાણ કરી હતી. જાણ થતાં જ બંને ટીમોએ પાવર હાઉસ વિસ્તારમાં પહોંચીને તપાસ હાથ ધરી હતી, જેમાં સ્પષ્ટપણે દીપડાના પગલાં (પગમાર્ક) મળી આવ્યા હતા. વધુ તપાસ દરમિયાન પાવર હાઉસમાં રહેતા માલધારીઓએ ચોંકાવનારી માહિતી આપતા



જણાવ્યું હતું કે દીપડાઓ ફળિયાના મોટાભાગના રખડતા કૂતરાઓનો પણ શિકાર કરી રહ્યા છે અને અગાઉ એકસાથે ત્રણ દીપડાઓ બેઠેલા જોવા મળ્યા હતા. રહેણાંક વિસ્તારમાં દીપડાની અવરજવર અને પશુઓના શિકારની ગંભીરતાને ધ્યાનમાં લઈને વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે તાત્કાલિક વિજયભાઈના ખેતરમાં મારણ સાથે પાંજરું મૂકવામાં આવ્યું છે.

શેરડીનાં ખેતરો રહેઠાણ માટે શ્રેષ્ઠ છે

ગ્રામ્ય વિસ્તારોમાં લટાર: બારડોલી તાલુકાના વિવિધ ગામો જેવા કે આફવા, કડો અને ખલી જેવા વિસ્તારોમાં અવારનવાર દીપડાઓ ખેતરોમાંથી વસ્તી તરફ આવી ચઢવાના બનાવો બનતા રહે છે. શેરડીના ઊભા પાક અને ગાઢ વનસ્પતિને કારણે દીપડાઓને અહીં અનુકૂળ આવાસ મળી રહે છે. ખોરાકની શોધમાં તેઓ રાત્રિના સમયે ગામોની નજીક આવીને પાલતુ પ્રાણીઓ (જેવા કે બકરીઓ કે શ્વાન) પર હુમલો કરતા હોવાના બનાવો સામે આવ્યા છે.

બગુમરામાં માલગાડીની અડફેટે અજાણ્યા યુવકનું મોત

પલસાણા: ગત તા.૨જી નવેમ્બર-૨૦૨૬ના રોજ બપોરે બગુમરા ગામની હદમાં સુરત-ભુસાવલ રેલવે ટ્રેક પર આશરે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરનો એક અજાણ્યો પુરુષ પસાર થઈ રહેલી માલગાડી (ગુડ્સ ટ્રેન)ની અડફેટે આવી ગયો હતો. ટ્રેનની ટક્કર વાગવાને કારણે આ અજાણ્યા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને તેનો ડાબો પગ પંજાથી કપાઈ ગયો હતો, જેના પરિણામે તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. આ બનાવ સંદર્ભે ગંગાધરા રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્તર ગંગાધર યાદવે તા.૩જી નવેમ્બરના રોજ રાત્રે ૧ વાગ્યે પલસાણા પોલીસ મથકમાં ટેલિફોન દ્વારા વર્ધી નોંધાવી હતી. પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

કીમ યુવા શક્તિ ગ્રુપ દ્વારા મુક્તિધામ સ્મશાનમાં દાન



કીમ: કીમ યુવા શક્તિ ગ્રુપ દ્વારા નવરાત્રિ ઉત્સવની ઉજવણીને સામાજિક સેવાના ઉમદા કાર્ય સાથે જોડીને સરાહનીય પહેલ કરવામાં આવી છે. વર્ષ-2026માં આયોજિત નવરાત્રિ મહોત્સવની ટિકિટ વેચાણમાંથી પ્રાપ્ત થયેલી આવકમાં ગ્રુપના સભ્યોએ પોતાની તરફથી રકમ ઉમેરી કીમ વિભાગીય મુક્તિધામ સ્મશાનને રૂ.55,555નું માતબર અનુદાન અર્પણ કર્યું હતું.

કાછલ કોલેજ અને ધનગર સમાજનું ગૌરવ



ભોરિયા: કાછલ સ્થિત સરકારી શિક્ષણ મહાવિદ્યાલય માટે ગૌરવ સમાન આ કોલેજમાં B.Ed દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી સ્નેહા નીતિન ધનગરે સંસ્કૃત અને સંસ્કાર રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર શિક્ષણ વક્તૃત્વમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. સંસ્કૃત અને સાહિત્ય વિષય પર યોજાયેલા આ પરિસંવાદમાં કુલ 15 જેટલા તાલીમાર્થી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્નેહાના સંસ્કૃતના ઊંડા જ્ઞાન અને સ્પષ્ટ વક્તવ્યથી નિર્ણાયકો પ્રભાવિત થયા હતા અને તેને પ્રથમ ક્રમાંક જાહેર કરવામાં આવી હતી. સ્નેહાની આ સિદ્ધિથી કાછલ કોલેજનું નામ રોશન થયું છે.


વિરપોર ગામે આરસીસી રોડ બિસમાર

વાલોડ: વાલોડના વિરપોર ગામે ગામીત ફળિયામાં બેથી ત્રણ માસ અગાઉ જ 15 નાણાંપંચની યોજનામાંથી આર.સી.સી. રોડ બનાવવાનું કામ રાહુલ કાંતિલાલ મહેતાની એજન્સીને સોંપવામાં આવ્યું હતું. જોકે, એજન્સી દ્વારા યોગ્ય માલ મટિરિયલ ન વાપરી નકરી વેઠ ઉતારવામાં આવી હોય. જેને પગલે ગ્રામજનો આ માર્ગનો ઉપયોગ કરે તે પહેલાં જ બેથી ત્રણ માસમાં જ આ માર્ગ બિસમાર બન્યો છે અને મસમોટા ખાડા પડી ગયા છે. એટલું જ નહીં આ આર.સી.સી. રોડના કામમાં લોખંડના સળિયાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી. જેથી એજન્સી દ્વારા સરકારી રકમ રૂ.4.79 લાખની ગ્રાન્ટના કામમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોય, જેથી ગામના જાગૃત નાગરિક ભરત નટવરભાઈ પટેલે વાલોડ ટીડીઓને લેખિત ફરિયાદ કરી હતી.

બારડોલી ખાતે 'ડાક અદાલત' યોજાશે

બારડોલી: આગામી તા.૧૦/૧૧/૨૦૨૬ને મંગળવારે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બારડોલીના લીમડા ચોક સ્થિત બારડોલી ડિવિઝનની સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ખાતે બપોરે ૩ કલાકે 'ડાક અદાલત' યોજાશે. ડાક અદાલતમાં નીતિવિષયક મુદ્દાની ટપાલ સેવાઓ અને પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. જે માટે આ અદાલતમાં રજૂ કરવાની થતી ટપાલ સેવા તથા પેન્શન સંબંધી ફરિયાદો સ્પષ્ટ અને મુદ્દાસર રીતે સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, બારડોલી ડિવિઝન, લીમડા ચોક, મોદી ટાવર, બારડોલી ખાતે તા.૧૦ નવેમ્બર સુધીમાં મોકલી આપવા જણાવાયું છે.

કામરેજની રામકબીર શાળાના આચાર્યનો વિદાય સમારોહ યોજાયો



કામરેજ: કામરેજ ચારરસ્તા સ્થિત ભારતીય વિદ્યામંડળ સંચાલિત ધી કે વી કો ઓ (રામકબીર) હાઇસ્કૂલના લાડવી ગામના વતની આચાર્ય શૈલેષ મગનલાલ દેસાઈનો ભવ્ય વિદાય સમારંભ રામકબીર શૈક્ષણિક સંકુલના દલપતરામા ભવન ઓડિટોરિયમમાં યોજાયો હતો. અતિથિ વિશેષ તરીકે કાંતિભાઇ પટેલ રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક અને દાળિયા હાઇસ્કૂલ, સુરતના ઇ.ચા આચાર્ય, DEO કચેરીના EI મહેશ દેસાઈ, AEI પ્રશાંત વાઘાણી, રાજેશ બોઘરા, પિનાકીનભાઈ પટેલ, નવસારી વિભાગીય વ્યવસ્થાપક પ્રમુખ શૈલેષ ભીમાણી, પ્રાંત અધ્યક્ષ આચાર્ય સંવર્ગ અને રાજ્ય શિક્ષક પસંદગી સમિતિ સભ્ય જીગ્નેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા આચાર્યને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત, માનદ મંત્રી પરેશભાઈ ભક્ત, ખજાનચી જીગ્નેશભાઈ ભક્ત, શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, ઇ.ચા.આચાર્ય કમલેશ પટેલ, ઉચ્ચતર માધ્યમિક વિભાગના નિરીક્ષક કેતન દેસાઈ માર્ગદર્શક ટીમ તેમજ ઉદઘોષક તરીકે ઉમેશ ઠક્કરે ખૂબ જ ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી.

કીમના પૂજા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રિઝનો સેવાયજ્ઞ



કીમ: દિવાળીના પાવન પર્વ નિમિત્તે કીમના પૂજા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રિઝ દ્વારા માનવતાભર્યું અને પ્રશંસનીય સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ગ્રુપના આનંદભાઈ ઉપાધ્યાય અને અજયભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ ઓલપાડ તાલુકાનાં વિવિધ ગામોમાં રહેતી 11,000થી વધુ ગંગાસ્વરૂપ (વિધવા), વૃદ્ધ અને જરૂરિયાતમંદ બહેનોને દિવાળીની ભેટરૂપે સાડી તથા મીઠાઇના બોક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યના શુભારંભ પ્રસંગે ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે કીમના સરપંચ પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ મનોજભાઈ મેવાડ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

કાનપુરામાં હાઈટેન્શન વીજ લાઈનમાં દાઝેલા બે પૈકી એકનું મોત

વ્યારા: વ્યારાના કાનપુરા વિસ્તારમાં પંચવટી સોસાયટીમાં ગત તા.2-11-2026ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં ઘરમાં લાઈટની સિરીઝ લગાડતી વખતે અકસ્માતે મેઇન લાઇનમાં જોડી દેતાં વાયરમેન યુવકને શોર્ટ સર્કિટથી વીજ કરંટ લાગ્યો હતો. ત્યારે તેની બાજુમાં ઊભેલી યુવતી ઝીનલબેન સંદીપભાઈ ટંડેલ (ઉ.વ 22) (રહે.,પંચવટી નગર, કાનપુરા)ને વીજ કરંટ લાગતાં બંને ગંભીર રીતે દાઝી ગયાં હતાં. બંનેને ગંભીર હાલતમાં નજીકની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વાયરમેન યુવક ગૌતમભાઈ ગમનભાઈ ગામીત (ઉ.વ.29) (રહે.,ભારત પેટ્રોલ પંપની બાજુમાં, કાનપુરા, વ્યારા)નું ગતરોજ મોત નીપજ્યું હતું.

કામરેજમાં અરજન્ટ ફોન કરવો છે કહી ફોન લઈ અજાણ્યો ફરાર

કામરેજ: મૂળ રાજકોટના ભાયાવદર અને હાલ કામરેજના નવાગામની હદમાં દાદા ભગવાનની પાછળ આવેલી સ્વપ્નવિલા સોસાયટીમાં મકાન નં.63માં ભગવાનજીભાઈ ગોકળભાઈ રાઠોડ (ઉ.વ.64) રહી મોટા વરાછા શાકભાજીની દુકાન ચલાવે છે. બે દિવસ અગાઉ રાત્રિના 8 કલાકે મોટા વરાછાથી શાકભાજી દુકાનને ઘરે પત્ની ભાવનાબેન સાથે મોપેડ નં.(જીજે 05 એનએ 9614) લઈને આવીને આવી રહ્યા હતા. ત્યારે કામરેજ ચાર રસ્તાથી કડોદરા જતાં સર્વિસ રોડ પર દાદા ભગવાન મંદિરની સામે રોડ પર રાત્રિના 9.15 કલાકે ઊભા હતા. એ વેળા એક અજાણ્યા ઈસને આવી એક અરજન્ટ ફોન કરવો છે તેવું જણાવતાં ફોન આપતાં અજાણ્યો ઈસમ ફોન લઈ આગળ ઊભી રાખેલી બાઈક પર બેસીને જતો રહ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સોનગઢનાં બજારોમાં દિવાળી ટાણે ગ્રાહકોની પાંખી હાજરી

સન્નાટા વચ્ચે વેપારીઓમાં ચિંતાનો માહોલ



સોનગઢ: પ્રકાશના પર્વ દિવાળીના તહેવારો હવે અગિયારસથી ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સોનગઢના સ્થાનિક બજારોમાં દર વર્ષની જેમ જોવા મળતી ચહલપહલ અને રોનકના બદલે મંદીનો માહોલ છવાયો છે. કાપડ, રેડીમેડ ગારમેન્ટ્સ, ઇલેક્ટ્રોનિક્સ, ગૃહ સુશોભન, ફટાકડા અને મીઠાઈના વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈને બેઠા છે, પરંતુ મુખ્ય માર્કેટમાં હજુ સુધી જોઈએ તેવી ખરીદીનો ધમધમાટ શરૂ થયો નથી.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ દિવાળી પૂર્વે બજારમાં નાણાકીય પ્રવાહિતા (લિક્વિડિટી)નો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાંથી આવતા ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થયો છે. આ ઉપરાંત, સોના-ચાંદી અને નિત્ય વપરાશની ચીજવસ્તુઓના વધતા ભાવ તેમજ વધતી મોંઘવારીના કારણે સામાન્ય વર્ગનું બજેટ ખોરવાયું છે, જેના લીધે લોકો અત્યારે માત્ર જરૂરિયાત પૂરતી જ મર્યાદિત ખરીદી કરી રહ્યા છે. અન્ય એક મોટું કારણ ઓનલાઈન શોપિંગ અને ક્વિક ડિલિવરી પ્લેટફોર્મ્સ તરફ ગ્રાહકોનો વધતો ઝુકાવ પણ માનવામાં આવે છે. ઈ-કોમર્સ સાઈટ્સ દ્વારા મળતી ડિસ્કાઉન્ટ ઓફર્સના કારણે પરંપરાગત રીટેલ બજાર પર સીધી અસર પડી છે. જોકે, નાના અને મોટા વેપારીઓ આશા રાખી રહ્યા છે કે નોકરિયાત વર્ગના પગાર અને દિવાળી બોનસ હાથમાં આવ્યા બાદ તેમજ વાઘબારસ અને ધનતેરસના શુભ મુહૂર્તો નજીક આવતાં બજારમાં ખરીદીની તેજી જોવા મળી શકે છે. હાલ તો વેપારીઓ ગ્રાહકોથી બજાર ધમધમવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

બાળકોને હાશ થઈ, શાળાઓમાં દિવાળી વેકેશન પડી ગયું

5 નવેમ્બરથી 25 નવેમ્બર સુધી વેકેશન, 26 નવેમ્બરથી શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થશે

ભોરિયા: ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવાળી વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ 2026-27 અંતર્ગત રાજ્યની શાળાઓમાં દિવાળી વેકેશનનો કાર્યક્રમ જાહેર થતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં આનંદની લાગણી પ્રસરી છે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ રાજ્યની શાળાઓમાં તા.5 નવેમ્બર, ગુરુવારથી તા.25 નવેમ્બર, બુધવાર સુધી દિવાળી વેકેશન રહેશે. ત્યારબાદ તા.26 નવેમ્બર, ગુરુવારથી શાળાઓમાં રાબેતા મુજબ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થશે. આ વેકેશન રાજ્યની પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આનંદ અને ઉત્સાહનો અવસર બની રહેશે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને પરિવાર સાથે સમય વિતાવવા, સગાં-સંબંધીઓને મળવા અને સાંસ્કૃતિક પરંપરાઓને માણવાનો અવસર મળશે. દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ રાજ્યની તમામ સંબંધિત શાળાઓમાં નિયમિત શૈક્ષણિક કાર્ય ફરી શરૂ થશે. વિદ્યાર્થીઓ વેકેશન બાદ ઉત્સાહપૂર્વક શાળામાં હાજર રહી અભ્યાસક્રમમાં જોડાય તે માટે શાળા સંચાલકો અને શિક્ષકો દ્વારા જરૂરી આયોજન કરવામાં આવશે.

વિરપોર મનરેગા કૌભાંડ કાગળ પર તળાવ ઊંડું કરી લાખોની ઉચાપત

મનરેગા યોજનામાં ગેરકાયદે નાણાં ચૂકવાયાની ટીડીઓને ફરિયાદ

વાલોડ: વાલોડ તાલુકાના વિરપોર ગામે વર્ષ 2023-24 મનરેગા યોજનામાં મોટા પાયે ગેરકાયદે નાણાંની ચૂકવણી કરી પંચાયતના શાસકો અને અધિકારીઓએ ખોટા યોજનામાં બંધ બેસતા ન હોય તેવા લાભાર્થીઓને ખોટી રીતે ગેરકાયદે લાભ આપી સ્થળ ઉપર કોઈ કામ કર્યું ન હોય, જે અંગે ગામના જાગૃત નાગરિકે વાલોડ ટીડીઓને લેખિત ફરિયાદ કરી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ વિરપોર ગામે બ્લોક નંબર 156/બમાં આવેલો સરકારી ખરાબો જ્યાં ક્રિકેટનું ગ્રાઉન્ડ આવેલું છે, ત્યાં તળાવ ઊંડું કરવાનું કામ કરવામાં આવ્યું છે. જે કામમાં કથિત રીતે મોટો ભ્રષ્ટાચાર થયો હોવાથી તળાવ ઊંડું કરવાની કામગીરી માત્ર ફોટોસેશન પૂરતી જ હોય માત્ર ફોટોગ્રાફી કરી પૈસાની ચૂકવણી કરી કાગળ પર કામ કરવામાં આવ્યું છે. સ્થળ ઉપર કોઈ કામ કરવામાં આવ્યું નથી. જે અંગે યોગ્ય તપાસ કરવામાં આવે તો ઘણું ખરું બહાર આવે તેમ છે. તો બીજી તરફ ગામમાં જે ક્રિકેટ ગ્રાઉન્ડ આવેલું છે તે ગ્રાઉન્ડ બનાવવામાં પણ મનરેગા યોજના અંતર્ગત કરવામાં આવેલા કામમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. જે કામમાં મનરેગા યોજનાના લાભાર્થીઓને રોજગારી આપવામાં આવી નથી. ગ્રાઉન્ડનું સંપૂર્ણ કામ જેસીબી મશીન તેમજ ટ્રેક્ટર દ્વારા કરવામાં આવ્યું છે. આ કામમાં પણ સરપંચ, તલાટી તથા ક્લસ્ટર કો ઓર્ડિનેટરે કામમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવા કામને મંજૂરી આપી અને એકબીજાના મેળાપીપણામાં ભ્રષ્ટાચાર આચર્યો હોય, જે અંગે ગામના જાગૃત નાગરિક ભરત પટેલે વાલોડ ટીડીઓને લેખિત ફરિયાદ કરી સ્થળ તપાસ કરી કસૂરવાર વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે.

વ્યારા સુગર ચેરમેનના રાજીનામા બાબતે સહકાર મંત્રીને રજૂઆત

ખેડૂતોના કરોડો રૂપિયાનાં નાણાં બાકી હોવા છતાં ચેરમેનનું રાજીનામું સ્વીકારવા સામે સવાલો ઊઠ્યા

તાત્કાલિક ચૂકવણી નહીં થાય તો મિલકતો જપ્ત કરી હરાજી કરવાની માંગ



વ્યારા: વ્યારા સુગર ફેક્ટરી સાથે સંકળાયેલા ખેડૂતોનાં બાકી નાણાંનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વ્યારા સુગર ફેક્ટરીના ચેરમેન માનસિંહભાઈ પટેલે તબિયત સારી ન હોવાનું કારણ દર્શાવી રાજીનામું આપ્યું હોવાના સંદર્ભમાં તાપી જિલ્લાના ખેડૂતોએ રાજ્યના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીને લેખિત રજૂઆત કરી છે. ખેડૂતોનું કહેવું છે કે એક તરફ ફેક્ટરી દ્વારા હજારો ખેડૂતોના શેરડીના કરોડો રૂપિયા ચૂકવવાના બાકી છે, ત્યારે આવી પરિસ્થિતિમાં જવાબદારીમાંથી છટકી જવા રાજીનામું આપવું કેટલે અંશે યોગ્ય છે? ખેડૂતોએ રજૂઆતમાં ચાર મુખ્ય માંગણીઓ કરી છે. જેમાં માનસિંહભાઈ પટેલનું રાજીનામું સ્વીકારવામાં આવે તો અન્ય સહકારી સંસ્થાઓ, જેમ કે મહુવા સુગરના પ્રમુખ કે ચેરમેનને તાત્કાલિક જવાબદારી સોંપવામાં આવે તેવી માંગ કરી છે.

ખેડૂતોનાં બાકી નાણાં ચૂકવ્યા વગર રાજીનામું આપવાની પ્રથા અટકાવવામાં આવે, અન્યથા ભવિષ્યમાં સહકારી માળખું સંપૂર્ણપણે ભાંગી પડશે તેવી ચિંતા પણ વ્યક્ત ખાંડ નિયામક-ગાંધીનગર સમક્ષ કરવામાં આવી છે.

વધુમાં ખેડૂતોના બાકી નાણાં તાત્કાલિક ધોરણે ચૂકવવામાં આવે અને જો ચૂકવણી કરવામાં નહીં આવે તો માનસિંહભાઈ પટેલની મિલકતો જપ્ત કરી સરકારી ધોરણે હરાજી કરીને ખેડૂતોનાં નાણાં ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સમગ્ર મામલે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સહકાર મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. હવે ખેડૂતોની આ રજૂઆત બાદ રાજ્ય સરકાર અને સહકાર વિભાગ શું પગલાં ભરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

પાલોદમાં ચૂંટણીની અદાવતમાં ધમકી બાબતે વળતી ફરિયાદ

હથોડા: માંગરોળના પાલોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વાહન સાઇડમાં લેવા અને ચૂંટણીની અદાવત બાબતે યુવાનને ધમકાવવા બાબતે શેહજાદ શેખ સામે ફરિયાદ નોંધાયા બાદ તેમણે પણ સંજય જિયાલાલ વર્મા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી.

પાલોદના મસ્જિદ ફળિયામાં રહેતા ફરિયાદી શેહજાદ અબ્દુલહમીદ શેખ સામે વાહન સાઇડમાં લેવા અને ચૂંટણીની અદાવત બાબતે ફરિયાદ નોંધાયા બાદ તેમણે પણ પાલોદ પોલીસ સ્ટેશનમાં સંજય જિયાલાલ વર્મા (રહે., જે.બી. કોમ્પ્લેક્સ, પાલોદ) વિરુદ્ધ લેખિત અરજી કરી છે. ઘટનાની વિગતો મુજબ ગત તા.૩૦/૧૦/૨૦૨૬ના રોજ બપોરે ૧૨ કલાકની આસપાસ સરપંચ દિનેશ આહીરના ઘર પાસે ફરિયાદી પોતાની ઈકો ગાડી લઈ કરંજ મુકામે વરદી લઈ જઈ રહ્યા હતા. દરમિયાન આરોપી સંજય જીયાલાલે રસ્તે ગાડી ઊભી રાખીને ઉશ્કેરાઈ જઈને ફરિયાદીને અપશબ્દો કહ્યા હતા. ચૂંટણીની અદાવતમાં આરોપીએ "તું આજે બચી જાય છે, તને જાનથી મારી નાંખીશ અને હાથ-પગ ભાંગી નાંખીશ" તેવી ગંભીર ધમકીઓ આપી હતી. આરોપીએ ચૂંટણીમાં માથાભારે હોવાનું કહીને અવારનવાર ખોટી પોલીસ ફરિયાદો કરાવવાની પણ ધમકીઓ ઉચ્ચારી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Ramayana : Part 1
10:00am, 11:00am,
01:00pm, 02:00pm,
03:00pm, 05:00pm,
06:00pm, 08:00pm,
09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકો માંગરોળના મોજે ગામ લીંબાડા ના રેવન્યુ સર્વે નંબર : ૨૧૭/૧/ક, બ્લોક નંબર ૧૪૩ થી નોંધાયેલ જુની શરતની ખેતીલાયક ઉપયોગની જમીન, જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૬-૫૪ ચો.મી. જેનો આકાર રૂા ૧૦.૮૧ પૈસા ખાતા નંબર : ૧૦૩૧ છે તે (૧) અજીતસિંહ મોતીસિંહ રાજ (૨) નિકિતાબેન તે નાથુસિંહની પુત્રી અને અજીતસિંહ રાજની પત્નીની સંયુકત માલીકીની ખેતીની જમીન તથા તેમાં આવેલ ઝાડ, બીડ, પાન, પાક વિગેરે સહીતની જમીનો તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીત.

ઉપરોક્ત જમીન સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકતી, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈનો લાગભાગ, હક્ક-હિસ્સા, દર-દાવો, જપ્તી, અવલ-જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દિન-૧૦ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હીત, સબંધ, હક્ક, હિસ્સા કે લાગભાગ, દર-દાવો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ અમારા અસીલ મજકુર માલીક સાથે જરૂરી વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહીં તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

મારી મારફત **દિલિપ એમ. પરમાર** (એડવોકેટ)
ઠેકાણું : ૧૨૪, માહ્યાવંશી ફળીયું, મુ પો વેલાછા,
તા માંગરોળ, જી સુરત. ૩૯૪૪૦૫ મો : ૯૪૨૯૫૦૮૬૯૬

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને ચેતવણી આપી જણાવવાનું કે..., મોજે ગામ-નાના બોરસરા, તા.માંગરોલ, જી.સુરતમાં આવેલ ગુજરાત પોલીફિલ્સ (એ યુનિટ ઓફ મોર્ડન ઈન્સ્યુલેટર્સ લી.), સંસ્થાનું નામ : મોર્ડન પોલિટેક્ષ લી. નામથી કંપની ચાલી આવેલ છે. અને સદર કંપની અને અમારા અસીલ (કામદારો) (અમારા અસીલ યાને કામદારો ભારતીય કર્મચારી સંઘ સલગ્ર ભારતીય મજદૂર સંઘમાં જોડાયેલ સભ્ય છે.) વચ્ચે સને ૨૦૧૦-૧૧ થી તકરાર ચાલી આવેલ છે તથા કંપની અને અમારા અસીલ (કામદારો) વચ્ચે કેટલાક કોર્ટ કેસો પણ ચાલી આવેલ છે જે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે જેના કેસ નંબર એસ.સી.એ.નં.:૧૨૩૨૬/૨૦૧૨, એસ.સી.એ.નં.:૧૫૪૪૭/૨૦૨૫ તથા એસ.સી.એ.નં.: ૯૦૬૬/૨૦૨૬ છે. જે પૈકી એસ.સી.એ.નં.:૧૨૩૨૬/૨૦૧૨ કેસ કંપની તરફે કરવામાં આવેલ છે અને બાકીના બે કેસો સદર કંપનીમાં કામ કરતા કામદારો યાને અમારા અસીલોએ કરેલ છે. તથા કંપની તરફે કામદારોના વિરૂધ્ધ સુરતની લેબર કોર્ટમાં તથા ઔદ્યોગિક અદાલતમાં કેસો થયેલા તે પૈકી કેટલા કેસોના હુકમ કંપની તરફે છે અને કેટલાક કેસોના હુકમ અમારા અસીલ યાને કામદારો તરફે આવેલ છે. જેથી અમારા અસીલો સદર કંપની સામે પગારના તથા અન્ય હકકોની પગારના રીકવીર કેસો અને કાયદા મુજબ થતા કેસો કરવાના છે. પરંતુ અમારા અસીલોને જાણ થયેલ છે કે સદર કંપનીના માલિક તથા તેમના અધિકારીઓ સદર કંપની અન્ય ઈસમને વેચાણ કરવા માંગે છે કે અન્ય કોઈ રીતે કંપનીને ટ્રાન્સફર કરવા માંગે છે. જેથી સદર કંપનીના માલિક કે તેમના અધિકારીઓ દ્વારા સદર કંપની કોઈ ઈસમને વેચાણ કરવામાં આવે કે અન્ય રીતે ટ્રાન્સફર કરવામાં આવે તો સદર કંપની સાથે કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારનાં બાનાખત, સાટાખત, વેચાણ કરાર, સોદા ચિઠ્ઠી, લખાણો કે કોઈપણ પ્રકારના વહેવાર કરવા કે સદર કંપની સાથે કંપનીની બાબતે કે જમીન પેટે કોઈપણ લેવડ દેવડ કરવા પહેલા ઉપરોકત જણાવેલ માહીતી બાબતે ધ્યાન રાખશો. તેમ છતાં જો કોઈ ઈસમ જાણી જોઈને તેવા વહેવાર કરશે તો તેવા ઈસમોને તકરાર સિવાય કોઈ હકક પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૬, અપર ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીર એન્કલેવ, કીમ,તા.ઓલપાડ જી. સુરત.૩૯૪૧૧૦ મો.નં. ૭૭૭૮૦ ૯૪૨૪૭

મારી મારફતે **પ્રતાપ સી. દાનાની** તે કામદારોના એડવોકેટ